જળસ્ત્રોતોની જાળવણી કાજે જનજાગૃતિ અભિયાન : આજનુ બચાવેલુ જળ એ આવતીકાલનુ જીવન છે

# કમલાનગર તળાવની ગંદકી દૂર કરવા વહેલી સવારે ઉમટ્યા પર્યાવરણ પ્રેમીઓ

**પાલિકાના** કર્મચારીઓ અને સ્વયંસેવકોએ સાથે મળીને તળાવ પરિસર સાફ કર્યું, દેશને સ્વચ્છ રાખવાના સામૂહિક સોગંદ લીધા

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

શહેરના જળસ્ત્રોતોને સ્વચ્છ અને સુંદર બનાવવાના આશય સાથે વડોદરા મહાનગરપાલિકા અને સામાજિક સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કમલાનગર તળાવ ખાતે એક વિશેષ 'ક્લીન ડ્રાઈવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ શરૂ થયેલી આ સફાઈ ઝુંબેશમાં તળાવની અંદરના કચરા સહિત આસપાસના પરિસરને ચકાચક કરવામાં આવ્યો હતો. આ અભિયાન દરમિયાન ઉપસ્થિત તમામ લોકોએ દેશ અને શહેરને સ્વચ્છ રાખવાના સામૂહિક સોગંદ પણ લીધા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા મહાનગરપાલિકા અને 'મેરી આસ્થા મેરા દેશ' એનજીઓના સંયુક્ત સથવારે કમલાનગર તળાવને પ્લાસ્ટિક અને અન્ય કચરાથી મુક્ત કરવા માટે આ વિશેષ ડ્રાઈવનું આયોજન હાથ ધરાયું હતું. વહેલી સવારે 7:00 વાગ્યાથી જ આ સેવાયજ્ઞની શરૂઆત થઈ ગઈ હતી.

આ સફાઈ અભિયાનમાં વીએમસીના સફાઈ કર્મચારીઓ ઉપરાંત સંસ્થાના ઉત્સાહી સ્વયંસેવકો, સ્થાનિક નાગરિકો તેમજ મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓ સ્વેચ્છાએ જોડાયા હતા.

સવારના સોહામણા વાતાવરણમાં સફાઈ ડ્રાઈવની શરૂઆત કરીને તમામ કાર્યકર્તાઓએ કમલાનગર તળાવની અંદર જમા થયેલો કચરો અને જળકુંભી બહાર કાઢી હતી. આ સાથે જ તળાવના કિનારે અને આસપાસના વિસ્તારોમાં ફેલાયેલી ગંદકીને પણ દૂર કરીને સમગ્ર વિસ્તારને સ્વચ્છ બનાવવામાં આવ્યો હતો. સવારના સમયે આ કઠિન શ્રમદાનમાં જોડાયેલા તમામ સ્વયંસેવકો અને કર્મચારીઓનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે આયોજકો તરફથી ખાસ જ્યુસની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે માત્ર પ્રતીકાત્મક સફાઈ કરવાને બદલે નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે કાયમી જાગૃતિ આવે તે માટે એક વિશેષ શપથ ગ્રહણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત સૌ કોઈએ એકસૂરે પ્રતિજ્ઞા લીધી હતી કે, તેઓ હંમેશા સફાઈની શરૂઆત પોતાના ઘર, ઓફિસ અને કાર્યસ્થળથી કરશે. આ ઉપરાંત, 'હું ગંદકી કરીશ નહીં અને ગંદકી કરવા દઈશ નહીં' તેવા દ્રઢ સંકલ્પ સાથે અન્ય લોકોને પણ આ સ્વચ્છતા અભિયાનમાં જોડવાનો અને સફાઈનો સંદેશ ફેલાવવાનો સંકલ્પ લેવાયો હતો. વિશ્વના વિકસિત દેશોની જેમ જ આપણા દેશ અને શહેરને પણ સફાઈમાં અગ્રેસર રાખવા માટે સતત કાર્યરત રહેવાની ભાવના લોકોએ વ્યક્ત કરી હતી.

અભિયાનના અંતે રાષ્ટ્રભાવનાને ઉજાગર કરવા માટે તમામ સહભાગીઓએ સાથે મળીને ગૌરવભેર રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું અને 'ભારત માતા કી જય'ના ગગનભેદી નારા લગાવ્યા હતા. સ્થાનિક તંત્ર અને સામાજિક સંસ્થાના આ સરાહનીય પ્રયાસને કમલાનગર વિસ્તારના રહીશોએ ખૂબ બિરદાવ્યો હતો. તળાવની આ સુંદરતા લાંબો સમય જળવાઈ રહે તે માટે સ્થાનિકોએ પણ જાગૃત રહેવાની ખાતરી આપી હતી.

કિશનવાડીમાં ઘર પર પથ્થરમારો અને તોડફોડ, 7 શખ્સો સામે ફરિયાદ નોંધાઈ

# વડોદરામાં જૂની અદાવતમાં યુવકની બાઈકને આગ ચાંપી

ઉશ્કેરાયેલો તત્વોએ યુવકના ઘર પર પથ્થારમારો પણ કર્યો હતો જેથી પાડોશમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરાના કિશનવાડી વિસ્તારમાં જૂની અદાવતને લઈને અસામાજિક તત્વોએ આતંક મચાવ્યો સ્થાનિક લોકોમાં પણ ફફડાટ ફેલાયો છે. યુવકના ઘર પર પથ્થરમારો કરી તોડફોડ કર્યા બાદ મોડી રાત્રે તેની મોટરસાયકલને આગ ચાંપી દેવામાં આવી હતી. સમગ્ર ઘટનામાં સાત શખ્સોના નામ સામે આવતા યુવકની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

કિશનવાડી વુડાના મકાનમાં રહેતા લીલાબેન પરમારના પુત્ર મિલન ઉર્ફે ગટ્ટી સાથે આરોપી નીતિન રાજપૂતને વર્ષ 2019થી જૂની અદાવત ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. ગત 28 મેની રાત્રે આશરે સાડા આઠ વાગ્યે લીલાબેનને તેમની દીકરી રણજીતાએ ફોન કરી જાણ કરી હતી કે કેટલાક લોકો મિલનના ઘરે ઝઘડો કરવા માટે આવ્યા છે. લીલાબેન અને તેમની દીકરી તાત્કાલિક મિલનના બ્લોક નં. 11 સ્થિત ઘરે પહોંચ્યા હતા. તે સમયે મિલન ઘરે હાજર ન હતો અને મકાનને તાળું મારેલું હતું. આ દરમિયાન ઉશ્કેરાયેલા નીતિન રાજપૂત, સન્ની ઉર્ફે બાબલો, નિતીપ ઉર્ફે બાબા અને વિશાલ ઉર્ફે ખારી સહિતના શખ્સોએ ઘરની બારીઓના કાચ તોડી ભારે તોડફોડ કરી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનોએ 112 પર ફોન કરી પોલીસને બોલાવી હતી. પોલીસ આવી હોય તે દરમિયાન થોડીવાર શાંતિ રાખ્યા બાદ મોડી રાત્રે દોઢથી બે વાગ્યાની વચ્ચે પરિવારને બહાર કંઈક સળગવાની ગંધ આવતા તેઓ જાગી ગયા હતા. બહાર નજર કરતાં મિલનની હોન્ડા કંપનીની મોટરસાયકલ ભડભડ સળગતી જોવા મળી હતી.

સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની ઘટનાની જાણ દીકરી રણજીતાએ મિલનને ફોન પર કરતાં મિલને જણાવ્યું હતું કે નીતિન રાજપૂતે અગાઉ તેને જાનથી મારી નાખવાની અને તેની બાઈક સળગાવી દેવાની ધમકી આપી હતી. તેના કહેવાથી કિશન, સોયેબ અને નયન ઉર્ફે બિડી નામના શખ્સોએ રાત્રિના સમયે આવી બાઈકને આગ ચાંપી હોવાનું પણ તેણે જણાવ્યું હતું. હાલમાં મિલન કોઈ કામસર અમદાવાદ ખાતે હોવાથી તેની માતા લીલાબેને સમગ્ર મામલે નીતિન રાજપૂત સહિત સાત શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરમાં રોડ-રસ્તા અને પુરના પાણી ભરાવાના પ્રશ્નોને હલ કરવા તંત્ર એકશનમાં

# વડોદરા મહાનગરપાલિકા દ્વારા પૂર્વ ઝોનમાં કરોડોના ખર્ચે વિકાસ કાર્યો કરાશે

**10.75** કરોડના ખર્ચે નવીન પાણીની પાઇપલાઇનનું નેટવર્ક નંખાશે, સંતોષીનગર સહિતના વિસ્તારોને ગંદા પાણી અને લો-પ્રેશરની સમસ્યામાંથી મળશે મુક્તિ

(પ્રતિનિધિ), વડોદરા. તા.30

વડોદરા શહેરના પૂર્વ ઝોનના નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા અને સ્થાનિક પ્રશ્નોના કાયમી નિકાલ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના વિકાસ કામો યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યા છે. ખાસ કરીને ઉનાળાની સિઝનમાં લોકોને પાણી પૂરતા પ્રેશરથી મળે અને ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ ન સર્જાય તે માટે પાલિકા તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. પૂર્વ ઝોનના વહીવટી વોર્ડ નં. 4 માં આવતા વિવિધ વિસ્તારોના રહીશો તેમજ સ્થાનિક સભાસદો દ્વારા લાંબા સમયથી ગંદા પાણી અને લો-પ્રેશરથી આવતા પાણી અંગે ફરિયાદો કરવામાં આવી રહી હતી. લોકહિતને ધ્યાને રાખીને પાલિકા દ્વારા આ સમસ્યાના કાયમી નિરાકરણ અર્થે અંદાજે 10.75 કરોડના ખર્ચે નવીન પાણીની નળિકા નાંખવાનું આખું નેટવર્ક તૈયાર કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

હાલમાં આ પ્રોજેક્ટ અંતર્ગત સંતોષીનગર ખાતે નવીન પાણીની લાઈન નાંખવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કામગીરી આગામી સમયમાં પૂર્ણ થતાં જ સંતોષીનગર અને આસપાસના વિસ્તારોમાં વર્ષો જૂની ગંદા પાણીની અને ઓછા પ્રેશરની સમસ્યાનો અંત આવશે, જેનાથી સ્થાનિક રહીશોનું આરોગ્ય સુધરશે અને સુખાકારીમાં મોટો વધારો થશે. ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે શહેરમાં પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય તે માટે પણ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે.

ઝડપાયેલા હાઇબ્રીડ ગાંજાના કેસમા રાજસ્થાન કનેક્શન

# એક આરોપી જેલ ભેગો, અન્ય આરોપીના સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર થયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરાના માંજલપુર વિસ્તારમાં હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા આરોપી વૃંદ રાકેશ શાહની પૂછપરછ દરમિયાન કેસમાં નવો વળાંક આવ્યો છે. એસઓજીને મળેલી માહિતી મુજબ ગાંજાનો જથ્થો રાજસ્થાનથી સપ્લાય થતો હોવાનો ખુલાસો થયો છે. આ આધારે સપ્લાયરને ઝડપી પાડવા માટે એસઓજીની એક ખાસ ટીમ રાજસ્થાન તરફ રવાના કરવામાં આવી છે.

માંજલપુરના સરસ્વતી કોમ્પલેક્સ પાસે પોલીસે શંકાસ્પદ હાલતમાં ફરતી એક ક્રેટા કારને રોકી તપાસ હાથ ધરી હતી. કાર ચાલક ભાગવાનો પ્રયાસ કરતો હોવાથી પોલીસે પીછો કરીને સરસ્વતી કોમ્પલેક્સ પાછળના રોડ પર તેને ઝડપી પાડ્યો હતો.

તપાસ દરમિયાન કારમાંથી મળેલા શંકાસ્પદ પદાર્થનું એફએસએલ અધિકારી દ્વારા પરીક્ષણ કરવામાં આવતા તે 21 ગ્રામ હાઈબ્રીડ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પોલીસે માંજલપુરના રહેવાસી વૃંદ રાકેશ શાહની ધરપકડ કરી તેના વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આરોપી પાસેથી રૂ. 73 હજારનો હાઈબ્રીડ ગાંજો, બે મોબાઈલ ફોન, બે ડિજિટલ વજનકાંટા, રોકડ રકમ અને રૂ. 7 લાખની ક્રેટા કાર મળી રૂ. 7.91 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડ બાદ એસઓજી પોલીસે કોર્ટમાં રિમાન્ડની માંગણી કરી હતી, જેને કોર્ટે સોમવાર સુધી મંજૂરી આપી છે. આ કેસમાં સંડોવાયેલા અન્ય એક આરોપીને પણ ઝડપી પાડી એક દિવસના રિમાન્ડ બાદ જેલ હવાલે કરવામાં આવ્યો છે. દરમિયાન, મુખ્ય આરોપી વૃંદ શાહની પૂછપરછમાં રાજસ્થાનથી ગાંજાનો જથ્થો સપ્લાય કરનાર વ્યક્તિનું નામ બહાર આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા ક્રાઇમ બ્રાન્ચે 3 ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો

# હાઈવેના બ્રિજ નીચે પડાવ નાખી વહેલી સવારમાં ચોરી કરતી મહારાષ્ટ્રની ગેંગનો પર્દાફાશ

બે મહિલા ચોર સાથે રૂ.1.38 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વધી રહેલા ઘરફોડ ચોરીના બનાવો વચ્ચે ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. મહારાષ્ટ્રથી આવી હાઈવે નજીકના બ્રિજ નીચે પડાવ નાખી રહેતી મહિલા ચોર ટોળકીના બે સાગરીતોને પોલીસે ઝડપી પાડી છે. આરોપી મહિલાઓ સવારના સમયે મકાનોને નિશાન બનાવી રોકડ, દાગીના અને કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરતી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. વડોદરા શહેરમાં વધતા ઘરફોડ ચોરીના ગુનાઓને ધ્યાનમાં રાખી ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ગોલ્ડન ચોકડી બ્રિજ નીચે દરોડો પાડી બે શંકાસ્પદ મહિલાઓને ઝડપી પાડી હતી.

પૂછપરછ દરમિયાન બંને મહિલાઓએ શહેરમાં થયેલી અનેક ચોરીઓની કબૂલાત કરી હતી. ઝડપાયેલી આરોપીઓમાં અકીલાબેન પત્ની જય દિપક પવાર (રહે. લોખંડી પાડા, બોઈસર, જી. પાલઘર, મહારાષ્ટ્ર તથા તપોવન ઝૂંપડપટ્ટી, નાસિક) અને લીલીબેન પત્ની છોટુ દિપક પવાર (રહે. પાલઘર રેલવે સ્ટેશન નજીક ઝૂંપડપટ્ટી તથા દાંડીપાડા, બોઈસર, જી. પાલઘર, મહારાષ્ટ્ર) ની ધરપકડ કરાઈ છે.

પોલીસ તપાસમાં રાવપુરા ટાવર વિસ્તાર, પટણી મહોલ્લો, ડભોઈ રોડ સ્થિત નંદવિહાર ફ્લેટ તેમજ અમદાવાદી પોળની કડવા શેરી વિસ્તારમાં થયેલી ચોરીઓનો ભેદ ઉકેલાયો છે. આરોપીઓ પાસેથી રૂ.1.38 લાખનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે.

26 વર્ષીય અજય આચાર્યએ અગમ્યા કારણોસર આત્મઘાતી પગલું ભરતા પરિવાર સ્તબ્ધ

# કારેલીબાગ બહુચરાજી રોડ પર યુવકે અગમ્ય કારણોસર અજાણી ગોળીઓ ખાધી

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરમાં આપઘાત અને આપઘાતના પ્રયાસોના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે વડોદરાના કારેલીબાગ, બહુચરાજી રોડ વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં રહેતા એક 26 વર્ષીય આશાસ્પદ યુવકે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી અથવા અજાણી ગોળીઓ ખાઈ લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. યુવકને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા શહેરના કારેલીબાગ, બહુચરાજી રોડ પર આવેલા રામજી મંદિર પાસે રહેતા 26 વર્ષીય અજય ચંદ્રકાંત આચાર્યએ ગત રોજ પોતાના નિવાસસ્થાને કોઈ અગમ્ય કારણોસર અજાણી ગોળીઓ ખાઈ લીધી હતી. ગોળીઓની અસર થતાં જ અજયની તબિયત લથડી હતી અને તે ઘરના સભ્યોને અર્ધબેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યો હતો. હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વધુ પડતી અથવા ઝેરી ગોળીઓ પેટમાં ચાલી ગઈ હોવાને કારણે યુવકની તબિયત ઘણી નાજુક છે. યુવક હાલમાં સંપૂર્ણપણે બેભાન અવસ્થામાં છે. સયાજી હોસ્પિટલના ફરજ પરના તબીબો દ્વારા તેને તાકીદની સારવાર આપીને બચાવવાના પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાલ તેને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યો છે. 26 વર્ષના યુવાન દીકરાએ આવું અંતિમ પગલું કેમ ભર્યું તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી બહાર આવી નથી. ઘટનાને પગલે પરિવાર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયો છે અને હોસ્પિટલ પરિસરમાં ઘેરા આઘાતની લાગણી જોવા મળી રહી છે.

આ ઘટના અંગે હોસ્પિટલ ચોકી દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસે નોંધ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યુવકે આ પગલું આર્થિક સંકડામણ, માનસિક તણાવ કે પ્રેમ પ્રકરણ જેવા કોઈ કારણોસર ભર્યું છે કે કેમ, તે યુવક ભાનમાં આવ્યા બાદ જ સ્પષ્ટ થઈ શકશે. પોલીસ હાલ પરિવારજનોની પૂછપરછ કરીને આગળની તપાસ ચલાવી રહી છે.

રાજસ્થાન-ગુજરાત મેચ પર Esar247.com મારફતે રમાતો હતો સટ્ટો

# IPL પર ઓનલાઈન સટ્ટાબાજીનો પર્દાફાશ: વડસરમાંથી સટોડિયો ઝડપાયો

મોબાઈલમાંથી હજારો રૂપિયાનું બેલેન્સ અને ક્રેડિટ પોઈન્ટ્સ મળ્યા, નેટવર્કની તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

IPL ટી-20 ટુર્નામેન્ટની ફાઈનલ સ્ટેજ દરમિયાન શહેરમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટાબાજી સામે પોલીસે કાર્યવાહી તેજ કરી છે. માંજલપુર પોલીસે વડસર ગામની ગૌશાળા પાછળ આવેલા ખુલ્લા મેદાનમાંથી એક શખ્સને ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતા ઝડપી પાડ્યો છે. સાથે જ સમગ્ર ઓનલાઈન સટ્ટા નેટવર્ક અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ટીમે વડસર ગામના ગોચર વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન હરેશ બટુકભાઈ ઠક્કર (રહે. કાન્હા હાઈટ્સ, સોમાતળાવ ચાર રસ્તા નજીક, વડોદરા) મોબાઈલ ફોન મારફતે રાજસ્થાન અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાયેલી IPL મેચ પર ઓનલાઈન સટ્ટાબાજી કરતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે મોબાઈલ ફોનની તપાસ કરતાં Esar247.com વેબસાઈટ પર 'Rudrab443' નામની આઈડી સક્રિય હાલતમાં મળી આવી હતી. આ આઈડીમાં રૂ.47,800નું બેલેન્સ તેમજ 50,300 ક્રેડિટ પોઈન્ટ્સ હોવાનું પણ બહાર આવ્યું હતું.

વડોદરામાં કોર્પોરેશનનું બુલડોઝર ચાલ્યું

# કમાટીબાગ, રાજમહેલ રોડ અને વાસણા રિંગ રોડ સહિતના વિસ્તારોમાંથી દબાણોનો સફાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરમાં ટ્રાફિક અને જાહેર માર્ગો પર થતા દબાણોની સમસ્યાને ડામવા માટે વડોદરા મહાનગરપાલિકા એક્શન મોડમાં આવી ગઈ છે.

પાલિકાના તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં અડિંગો જમાવીને બેઠેલા ગેરકાયદેસર દબાણકર્તાઓ સામે આજે એક મોટી અને સઘન ઝુંબેશ ચલાવવામાં આવી હતી, જેમાં અનેક લારી-ગલ્લા અને માર્ગો પરનો સામાન જપ્ત કરીને રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા.

મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા આજે સવારથી જ શહેરના વ્યસ્ત વિસ્તારોમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમે શહેરના મુખ્ય આકર્ષણ એવા કમાટીબાગના ગેટ નંબર 02 પાસે, જુના એરપોર્ટ ગેટની સામે તેમજ મિલન પાર્ટી પ્લોટ જેવા મહત્વના વિસ્તારોમાં ખડકાયેલા ગેરકાયદેસર દબાણોને સંપૂર્ણપણે દૂર કર્યા હતા. પાલિકાની ટીમે માત્ર લારી-ગલ્લા જ નહીં, પરંતુ રસ્તાઓ રોકીને વેપાર કરતા દુકાનદારો સામે પણ કડક વલણ અપનાવ્યું હતું. લાલકોર્ટથી લઈને રાજમહેલ રોડ સુધીના માર્ગ પર ત્રાટકેલી ટીમે દુકાનદારો દ્વારા જાહેર રોડ પર ડિસ્પ્લેમાં મુકવામાં આવેલા ફુલર, પંખા સહિતનો અન્ય વેપારી સામાન જપ્ત કરી લીધો હતો. આ ઉપરાંત માર્ગ પર ટ્રાફિકને નડતરરૂપ થતી લારીઓને પણ સ્થળ પરથી જપ્ત કરવામાં આવી હતી. બીજી તરફ, વોર્ડ નંબર 13ની સ્થાનિક ટીમને સાથે રાખીને પાલિકાએ મેયર ગેટથી લઈને હનુમાન મંદિર ચાર રસ્તા સુધીના સમગ્ર પટ્ટામાં સફાયો બોલાવ્યો હતો. આ ઉપરાંત વ્યાપારી હબ ગણાતા ખંડેરાવ માર્કેટની પાછળના ભાગથી લઈને સિદ્ધનાથ તળાવ સુધીના વિસ્તારમાં પણ મોટા પાયે દબાણ વિરોધી ડ્રાઈવ ચલાવીને લારીઓ તેમજ અન્ય સામાન કબ્જે લેવામાં આવ્યો હતો.

કોન્સેપ્ટ ક્લિયર કરવા ,નોટ્સ બનાવવા અને પ્રેક્ટિસ પેપર સેટ કરવા ChatGPTનો ઉપયોગ: માર્ક્સ 70% થી 97% સુધી પહોંચ્યા

# AI એટલે ટીચરનો રિપ્લેસમેન્ટ નહીં, સ્માર્ટ મિત્ર, AIનો સાચો ઉપયોગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

એઆઈ ટીચર કે ટ્યુશનને રિપ્લેસ ન કરે, પણ ક્લાસરૂમ પછીનો 24x7 મેન્ટર બને આ મંત્ર સાથે સીબીએસઈના 12મા ધોરણના વિદ્યાર્થીઓએ ચેટજીપીટીને ભણતરનું હથિયાર બનાવ્યું. પરિણામ? ઘણાના માર્ક્સમાં 15-20%નો ઉછાળો નોંધાયો હતો. 17 વર્ષની તાશ્વી બેરીને અમેરિકન કવિ એડ્રિએન રિચની કવિતા આંટ જેનિફર્સ ટાઈગર્સના મેટાફોર, સિમ્બોલિઝમ સમજાતા નહોતા. ક્લાસ અને ટ્યુશન ફેલ ગયા. પછી ચેટ જીપીટીને પૂછ્યું. એઆઈએ માત્ર ઓપનિંગ લાઈન નહીં, આખી કવિતા લાઈન-બાય-લાઈન તોડીને સમજાવી. સિમ્બોલ, ઈમેજરી, અંકલના મહત્વથી લઈને પરીક્ષામાં કેવા સવાલ આવે - બધું કહ્યું, તાશ્વી કહે છે. પરિણામ,પ્રી-બોર્ડમાં 70% થી બોર્ડમાં 97%. પ્રિયા સિંહને પોલિટિકલ સાયન્સમાં મંડલ કમિશન કે રિઝર્વેશન જેવા ટોપિક યાદ ન રહેતા. ચેટજીપીટીને કહ્યુ મને 10 વર્ષના બાળકને સમજાવો તેમ સમજાવો. એઆઈએ બસ ડ્રાઈવર, રસોડા જેવા રોજિંદા ઉદાહરણોથી કોન્સેપ્ટ ક્લિયર કર્યા. માર્ક્સ 97%. નિશા જૈન જેણે 92.4% મેળવ્યા, કહે છે કે, મેં AIને રટવા માટે નહીં, સમજવા માટે વાપર્યું. જેમ કે સોશિયલ એન્ડ પોલિટિકલ શિફ્ટ સમજવા એઆઈ પાસે ઉદાહરણો-ચૂંટણી ડેટા મંગાવ્યા. આર્યા, જેણે 96% મેળવ્યા, ઉમેરે છે. ગણિતના સ્ટેપ એઆઈ પાસે ચેક કરાવતી. ભૂલ ક્યાંથાય છે એ તરત ખબર પડે. ઓલ ઈન્ડિયા પ્રિન્સિપાલ્સ એસોસિએશનના આગેવાનનું કહેવું છે કે, એઆઈ ગાઈડન્સ પ્લેટફોર્મ બની શકે, પણ ટેક્સ્ટબુકનું સ્થાન ન લઈ શકે. ઘણા વિદ્યાર્થીઓ આંખ બંધ કરી એઆઈ પર ભરોસો કરે છે. એઆઈના જવાબ અધૂરા કે ઓવર સિમ્પ્લિફાઈડ હોઈ શકે. ક્રોસ-ચેક જરૂરી છે. એઆઈ ટીચરનું સ્થાન ન લે, પણ પર્સનલાઈઝ્ડ એસાઈનમેન્ટ, લેસન પ્લાન બનાવવામાં મદદ કરે. જોકે હ્યુમન ટચની ગેરહાજરી દેખાય છે. 100% AI પર આધાર જોખમી છે.

### AI વાપરવાના 3 ગોલ્ડન રૂલ્સ

1. **ફાઉન્ડેશન પહેલા:** બેઝિક કોન્સેપ્ટ ટીચર પાસે ક્લિયર કરો, પછી AIથી ડેપ્થમાં જાઓ
2. **પ્રોમ્પ્ટ સ્માર્ટ લખો:** સમજાવો નહીં,10 વર્ષના બાળકને ઉદાહરણથી સમજાવો લખો
3. **ક્રોસ-વેરિફાય:** AIનો જવાબ ટેક્સ્ટબુક/ટીચર પાસે ચેક કરો, આંખ બંધ કરી કોપી ન કરો

### ટોપર્સ કેવી રીતે વાપરે છે AI ?

1. **કોન્સેપ્ટ બ્રેકડાઉન:** જટિલ ચેપ્ટરને સરળ ભાષા-ઉદાહરણમાં તોડવા
2. **નોટ્સ મેકિંગ:**લાંબા ચેપ્ટરની ટૂંકી, પોઇન્ટવાઇઝ નોટ્સ
3. **મોક ટેસ્ટ:** એઆઈ પાસે જાતે મોડલ પેપર સેટ કરાવવા, જવાબ ચેક કરાવવા
4. **ડાઉટ સોલ્વિંગ:** રાતે 2 વાગ્યે પણ અનલિમિટેડ ધીરજવાળો મેન્ટર
5. **ટાઇમ મેનેજમેન્ટ:** સ્ટડી શેડ્યૂલ, રિવિઝન પ્લાન બનાવવા



વડોદરા મહાનગર પાલિકા દ્વારા પ્રિ-મોનસૂન કામગીરીને વેગ

# પશ્ચિમ ઝોનમાં વરસાદી કાંસ, કેચપીટ અને ચેમ્બર્સની સફાઈ

98 ઘન મીટરથી વધુ કચરો દૂર કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરભરમાં પ્રિ-મોનસૂન કામગીરીને ઝડપી બનાવવામાં આવી છે. વરસાદી પાણીના ઝડપી નિકાલ અને પાણી ભરાવાની સમસ્યા અટકાવવા માટે વિવિધ વિસ્તારોમાં વરસાદી કાંસ, કેચપીટ, ચેમ્બર્સ તેમજ નાળાઓની સફાઈ હાથ ધરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોનમાં ચાલી રહેલી કામગીરી અંતર્ગત અનેક વિસ્તારોમાંથી મોટી માત્રામાં કચરો દૂર કરવામાં આવ્યો છે. પશ્ચિમ ઝોનના વોર્ડ નં. 10માં આવેલા ખોડિયાર ડેરીથી વોર્ડ નં. 11 તરફ જતાં મકરંદ દેસાઈ રોડ પર આવેલી કુલ 10 વરસાદી કેચપીટની સફાઈ કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. વર્ષોથી એકત્રિત થયેલો કચરો દૂર કરવા માટે મશીનરી તેમજ કર્મચારીઓની ટીમ સતત કાર્યરત છે. અત્યાર સુધીમાં આ કામગીરી દરમિયાન અંદાજે 8 ઘન મીટર જેટલો કચરો બહાર કાઢવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. કેચપીટની નિયમિત સફાઈથી વરસાદી પાણીના પ્રવાહમાં અવરોધ સર્જાતો અટકશે અને માર્ગો પર પાણી ભરાવાની શક્યતા ઘટશે. આ ઉપરાંત પશ્ચિમ ઝોનના વોર્ડ નં. 11માં અક્ષરચોક નજીક આવેલા ઈમ્પીરીયલ હાઈટ્સ વિસ્તાર પાસેની વરસાદી કાંસની સફાઈ પણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન અત્યાર સુધીમાં અંદાજે 42 ઘન મીટર જેટલો કચરો કાઢવામાં આવ્યો છે. મહા પાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ વિસ્તાર વરસાદી મોસમ દરમિયાન સંવેદનશીલ ગણાતો હોવાથી અગાઉથી જ સફાઈ કાર્ય પૂર્ણ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.